જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૩/૨૦૧૫ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૬૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૨૦૧ લીટર દેશી દારૂ, ૧૨૦ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૪૪ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૦૨ મોટર સાયકલ, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૦૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૬૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ અટકાયત કરી હતી.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૫૬૭/૧૫**

**સેટેલાઇટ :** વૃન્દાવનભાઇ અમૃતભાઇ અમરારા (ઉ.વ.૬૩)(રહે.અજીતનાથ રેસીડેન્સી, પંચમેશ્વર ટાવર રોડ, જામનગર) તા.૨૦/૩/૧૫ સાંજનાં ૭/૧૫ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન શિવરંજની બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડથી બસમાં બેસી કેશવબાગ પાર્ટી પ્લોટ સુધી મુસાફરી કરેલ હતી. જે મુસાફરી દરમ્યાન ૩૦ થી ૩૫ વર્ષના આશરાનાં બે પુરૂષ વૃન્દાવનભાઇની નજર ચુકવી તેમનાં ગળામાં પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૫૬,૦૦૦/- તેમજ પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૨,૦૦૦/- મુકેલ પર્સની ચોરી કરી પલાયન થઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ વૃન્દાવનભાઇએ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ભગવાનભાઇ મોતીભાઇ ચલાવે છે.

**નરોડા :** રાગીનીદેવી રવિપાલસિંગ ભદોરીયા (રહે.લક્ષ્મીનગર છેલ્લુ બસ સ્ટેન્ડ, મેઘાણીનગર) તા.૧૭/૩/૧૫ સાંજનાં ૭/૩૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા બેઠકથી સૈજપુર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન આરોપી ઓટોરીક્ષાના ચાલક (૨૨ થી ૨૫ વર્ષના આશરાનો) તથા પાછળ બેસેલ ત્રણ પુરૂષ અને એક સ્ત્રી ભેગામળી રાગીનીદેવીની નજરચુકવી તેમનાં ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ રાગીનીદેવી ભદોરીયાએ તા.૨૦/૩/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૬૮/૧૫</u>**

**સેટેલાઇટ :** ખુશવંતસિંહ મહિપતસિંહ જાડેજા (રહે.બિનોરી એપાર્ટમેન્ટ, સરિતા વિધાલયની પાસે, વસ્ત્રાપુર) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૯/૩/૧૫ રાતનાં ૮/૦૦ થી તા.૨૦/૩/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ, સાંઇનાથ એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી ખાતેનાં પોતાના પિતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાની બે ચેઇન, સોનાની બે બુટ્ટી, સોનાની રૂદ્રાક્ષની માળા, ચાંદીના સિક્કા નંગ-૨૦ અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.પટણી ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૬૯/૧૫</u>**

**અમરાઇવાડી :** સુકેશભાઇ અરજુભાઇ ગુપ્તા (રહે.સાંઇબાબાનગર, સતાધાર સોસાયટી પાછળ, અમરાઇવાડી) એ તા.૨૦/૩/૧૫ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૮/૩/૧૫ રાતનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી હાટકેશ્વર, ગોપાલનગર પાસે શીવ હનુમાન મંદીરની બાજુમાં પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે.૦૧.ડી.ટી. ૭૪૮૦ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ તા.૧૯/૬/૧૫ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

**નરોડા :** ભદ્રેશભાઇ રેવાભાઇ રબારી (રહે.વિરમનગર અંબિકા પેટ્રોલપંપની સામે, બજરંગ આશ્રમની બાજુમાં, ઠક્કરનગર, નરોડા) એ તા.૨૦/૩/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૪/૩/૧૫ નાં કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક પોતાની મહિન્દ્રા મેક્ષ ગાડી નંબર જીજે.૧૮.એક્સ.૧૪૭૩ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અશોકકુમાર નટવરલાલ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.